## બડોલીમાં મહિલાને માર મારતા ફરિયાદ

ઈડર તાલુકાના બડોલી ગામમાં મકાનના કાટમાળ તેમજ જુના બારી-બારણા વેચતા શંકરભાઈ દેવીપૂજકની પત્નિ જશીબેનને ગામના યુવાનોએ શનિવારે અગમ્ય કારણોસર ગડદાપાટુનો માર મારતા તેણીએ ચાર જણા વિરૂદ્ધ રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બડોલી ગામે રહેતા જશીબેન દેવીપૂજક શનિવારે સાંજે બે બાઈક ટકરાયા હતા. તે સમયે તેણીની છોટાહાથી પાસે ઉભા હતા. દરમિયાન ગામના મનિષભાઈ પોપટભાઈ પટેલ, સંદીપભાઈ પટેલ, પિન્ટુભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલે આવી જશીબેનને લાફો મારી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ તેમના પતિ કાન્તીભાઈ દેવીપૂજકને પણ ગડદાપાટુનો માર મારતા નજીકમાં રહેતા અર્જુનભાઈ વાઘેલા અને જયંતિભાઈ વાઘેલાએ આવી છોડાવ્યા હતા.

# મોહંમદ પયગંબર સાહેબ વિરૂદ્ધ ઉચ્ચારણો કરનારને ફાંસી આપો

હિંમતનગર, તા. ૧૪ એકતા અને ભાઈચારાનો સંદેશ આપનાર નિવેદન કરનારને ફાંસીની સજા આપવા મુસ્લીમ સમાજ દ્વારા સમગ્ર દેશ અને બિરાદરો હસન શહિદની દરગાહ પાસે એકઠા થયા હતા અને મૌન રેલી કાઢી કલેક્ટર પી. સ્વરૂપ અને જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર આપી એકતા અને ભાઈચારાનો સંદેશ આપનાર હઝરત મહમંદ પયંગબર સાહેબના સંકલન સમિતિના કન્વીનર ખાદીમ લાલપુરીની આગેવાની હેઠળ નિકળેલ



## હિંમતનગરમાં મુસ્લીમ બિરાદરોએ રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું : કમલેશ તિવારીના શેતાની નિવેદનથી મુસ્લીમો ખફા



હઝરત મોહમંદ પયંગંબર (સ.અ.વ.)ના વિરૂદ્ધમાં શેતાની નિવેદન આપનાર હિન્દુ મહાસભાનો બની બેઠેલો પ્રમુખ કમલેશ તિવારીની વિરૂદ્ધમાં મુસ્લીમ સમાજમાં ભારે આક્રોશ ફાટી નિકળ્યો છે. અને દેશની એકતા અને શાંતિને તોડવા માટે થયેલા આ સાજિસ ભર્યુ વિશ્વમાં માંગ થઈ રહી છે. દેશના જુદા જુદા શહેરો અને મથકો ઉપર મુસ્લીમ સમાજ દ્વારા રેલી કાઢી આવેદન પત્રો આપવામાં આવી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે પણ આજે સોમવારે ૧૫ હજારથી પણ વધારે મુસ્લીમ



વિરૂદ્ધમાં શાજિસના ભાગરૂપે નિવેદનો આપનાર કમલેશ તિવારીને ફાંસી આપવા માંગ કરી હતી. તેમજ કોમી એકતા અને ભાઈચારાને તોડવા માટે થઈ રહેલા ભડકાઉ નિવેદનોને ડામવા માટે રજૂઆત કરી હતી.

સાબરકાંઠા મુસ્લીમ મૌન રેલીમાં પટણી સુન્ની જમાતના અગ્રણીઓ, જુદી જુદી સંસ્થાઓના હોદ્દેદારો, રાજકીય અગ્રણીઓ અને મુસ્લીમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા. મુસ્લીમ સમાજના લોકોએ નિવેદનના વિરૂદ્ધમાં પોતાના ધંધા રોજગારો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો.

## ઈડરમાં મુસ્લિમ સમાજ દ્વારા મૌન રેલી યોજાશે

ઈસ્લામ ધર્મના મહંમદ પગંબર હઝરત સાહેબના વિરોધમાં વાંધાજનક ઉચ્ચારણો કરનાર સામે કાયદાકીય પગલા લેવા જોઈએ તેમજ આવા ઉચ્ચારણો કરનાર સામે વિરોધ કરવા તા. ૧૬ ડિસેમ્બરે ઈડર અને વડાલી તાલુકાના મુસ્લિમ સમાજ દ્વારા મૌન રેલીનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આ રેલી ઈડરમાં જુમા મસ્જિદથી નીકળી પ્રાંત કચેરીમાં જઈ આવેદનપત્ર આપશે.

## હિંમતનગરમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં આવેલ કુલદીપ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. જે અંતર્ગત ૧૫૦ દર્દીઓને રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સતીપુર-પાલ્લાની સગીરા પર બળાત્કારની ઘટનાથી ચકચાર

મેઘરજ તાલુકાના ભેમાપુર મેડી ગામના એક યુવાને નજીકના ગામની એક શાળઆમાં ભણતી ૧૪ વર્ષીય સગીરાને બાઈક ઉપર લઈ જઈ લીંબોદરા ગામની સીમમાં એક ખેતરમાં બળાત્કાર ગુજારતા મેઘરજ તાલુકામાં ચકચાર મચી ગઈ છે. બળાત્કાર પછી સગીરા બેભાન થઈ જતાં આરોપીઓએ તેને મોડાસા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. બનાવના ત્રીજા દિવસે મેઘરજ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બે ઈસમોની ધરપકડ કરી છે. જ્યારે એક ઈસમ ફરાર છે. ફરિયાદની વિગત એવી છે કે સતીપુર પાલ્લા ગામની સગીર ભુતિયા ગામે તેના સંબંધીને ત્યાં રહી એક શાળામાં અભ્યાસ કરે છે. આ સગીરાને ગત તા. ૯ ડિસેમ્બરના રોજ ભેમાપુર મેડી ગામનો યુવાન નારણ વાલાભાઈ કટારા તેના એક મિત્રની બાઈક ઉપર સગીરાને લીંબોદરા ગામની સીમમાં લઈ જઈ ખેતરમાં નારણે સગીરા ઉપર બળાત્કાર કર્યો હતો. બળાત્કાર બાદ નારણે બીજા તેના મિત્ર લખમણ જેશાભાઈ કટારાને બાઈક લઈને લીંબોદરા ગામે બોલાવ્યો હતો અને આ બાઈક ઉપર સગીરાને ઉતારી દીધી હતી. પોલીસે ઈપીકો કલમ ૩૬૩ અને ૩૭૬ અને પોસ્કો એક્ટ કોમ ૪, ૬, ૧૭ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા આરટીઓ ઓફિસમાં લાયસન્સના બે હજાર રૂપિયા લેવાતા હોવાની બુમ

અરવલ્લી જિલ્લાની મોડાસા એ.આર.ટી.ઓ. કચેરી એકબીજા પ્રકારે ચર્ચામાં રહે છે. મોડાસા આરટીઓમાં કર્મચારીઓ તથા અધિકારીઓની મિલીભગતના કારણે કોમ્પ્યુટર ટેસ્ટ પાસ કર્યા વિના જ લાયસન્સ આપવાનો ભાવ ૨ હજાર સુધી પહોંચતા આ પ્રકરણ બાબતે કમિશનર કચેરી તપાસ હાથ ધરે તેવી જનતાની માંગ છે. મોડાસા એ.આર.ટી.ઓ. કચેરીમાં હાલ ગુર્જર તથા મોઢ નામના બે ઈન્સ્પેક્ટરો ફરજ બજાવે છે. અહીં કરવામાં આવતી લાયસન્સની કામગીરીમાં અરજદારે કોમ્પ્યુટરમાં ડીસ્પ્લે થતા ૧૫ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નોના સાચા જવાબ



આપવા જરૂર છે પણ જો આ પ્રશ્નોની ઝંઝટમાં ના પડવું હોય તો અહીં ફરતા એજન્ટો ૨ હજાર રૂપિયામાં સેટીંગ કરી પાસ કરી આપતા હોવાની બૂમ ઉઠી છે. જેમાં ઉપરથી નીચે સેટીંગ હોવાનો દાવો કરાય છે. આજ કોમ્પ્યુટર ટેસ્ટ રૂમમાં મોઢ નામના ઈન્સ્પેક્ટર બેસતા હતા પણ થોડા જ સમયમાં બૂમાબૂમ શરૂ થતાં આજ વાત મુખ્ય ઈન્સ્પેક્ટર ગુર્જરના ધ્યાન પર આવતા જ હાલ ગુર્જર જ કોમ્પ્યુટર ટેસ્ટમાં બેસતા હોવાની ચર્ચા છે. શુ મોઢ પર ગુર્જરને વિશ્વાસ નહી હોય ? એકાએક તેમને બદલીને જાતે જ કેમ બેસવુ પડ્યું ? શુ લાયસન્સ માટે ૨ હજાર રૂપિયાની રકમ લેવાય છે તે સાચુ છે ? એજન્ટો તથા અધિકારીઓની મિલીભગત છે ? આ બાબતે એસીબી તથા કમિશનર કચેરી દ્વારા તપાસ થાય તો ચલણ કૌભાંડ બાદ નવુંજ કૌભાંડ પ્રપકાશમાં આવે તેમ છે.

## આજે બનાસ ડેરીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું મતદાન

### સહકાર અને સરકાર વચ્ચે જંગ ખેલાશે ૧૬મી ડિસેમ્બરે યોજાશે મતગણતરી

પાલનપુર, તા. ૧૪

સમગ્ર એશિયા ખંડની મોટામાં મોટી ગણાતી બનાસ ડેરીની ચૂંટણી યોજવા જઈ રહી છે ત્યારે બનાસકાંઠામાં આ વખતે સરકાર અને સીધી વલડી હોય તેવો ઘાટ સર્જાય છે. એક તરફ પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ છે તો બીજી તરફ ગુજરાત સરકારના રાજ્ય આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી વચ્ચે સીધી લડાઈ છે.

એશિયાની પ્રથમ હરોળની ગણાતી બનાસ ડેરીની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે બનાસકાંઠામાં આ વખતે સરકાર અને સીધી લડાઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. બનાસ ડેરીમાં કુલ ૧૪ બેઠકો છે જે પૈકી ૩ બેઠકો બિનહરીફ થવા પામી છે. જેમાં રાધનપુર, ધાનેરા અને દાંતીવાડા બેઠક બિનહરીફ થતા ૧૧ બેઠકો માટે ૨૨ ઉમેદવારો મેદાનમાં છે. આજે પાલનપુર, વડગામ, દાંતા, ડીસા, અમીરગઢ, થરાદ, વાવ, દિયોદર, ભાભર, કાંકરેજ, સાંતલપુર આમ કુલ ૧૧ તાલુકાઓમાં મતદાન હાથ ધરાશે. સવારના ૯ થી લઈ સાંજે ૫ વાગ્યા સુધી મતદાન કરી શકાશે તેમજ જિલ્લાના ૧૨૦૦થી વધુ મતદારો ૧૧ ડીરેક્ટરો માટે મતદાન કરશે.

# અરવલ્લી-સાબરકાંઠામાં ઠંડીનો તીવ્ર ચમકારો



મોડાસા, તા. ૧૪

કાશ્મીરમાં હિમપાતને કારણે સમગ્ર દેશમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જેના લીધે ગુજરાત રાજ્ય અને અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઠંડીનો ચમકારો તીવ્ર બનતા લોકો ઠુંઠવાઈ ગયા હતા. વાતાવરણમાં ઠંડીની તીવ્રતામાં એકાએક વધારો જોવા મળતા બન્ને જિલ્લાનું વાતાવરણમાં કુદરતી સેન્ટ્રલ એસી જેવી હવાનો અહેસાસ થયો હતો. બન્ને જિલ્લાના વાતાવરણમાં તાપમાનમાં એકાએક ઘટાડો થતા જિલ્લાના પ્રજાજનો ઠુંઠવાઈ ગયા હતા અને ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જનજીવનને માઠી અસર પહોંચી છે.

શિયાળાની ઠંડીએ જોર પકડતાં કાતિલ ઠંડીથી બન્ને જિલ્લામાં નાનાથી માંડીને મોટેરા સહુ કોઈ પ્રભાવિત બનતા તેની માઠી અસર સામાન્ય જનજીવન ઉપર વર્તાયેલ જોવા મળી રહી હતી. શનિવાર પરોઢથી બન્ને જિલ્લામાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. સાબરકાંઠા-અરવલ્લીના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતા પરોઢે ૯ ડિગ્રી પારો ઉતરી જતા ઠંડાગાર જેવી સ્થિતિનું નિર્માણ સતત ત્રણ દિવસથી જળવાઈ રહેતા જનજીવનને વ્યાપક અસર જોવા મળી હતી. ઠંડીની તિવ્રતા વધુ હોવાથી નિયમિત મોર્નિંકવોક કરનારા લોકો ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું. દિવસ ઉગ્યા પછી પણ ઠંડીનો પ્રભાવ વધુ હોવાથી પ્રજા ગરમ વસ્ત્રોમાં લપેટાયેલી જોવા મળી હતી. શાળા અને કોલેજોમાં ઠંડીના કારણે પાંખી હાજરી વર્તાતી હતી. પથ્થરની બનેલી દેવમૂર્તિઓને પણ ઠંડી લાગી હોય તેમ ગરમ વસ્ત્રોમાં લપેટવામાં આવી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આગામી ૪૮ કલાક ઠંડુનું મોજુ વધુ પ્રભાવિત બનશે તેવી આગાહી કરવામાં આવી છે. અરવલ્લીના મુખ્યમથક મોડાસા અને સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગરમાં પરોઢે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી થઈ જતા પ્રજા ઠંડીની ઝપેટમાં આવી ગઈ છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડા પવનના સૂસવાટા પ્રજાના હાડમાસ થીજવી નાખે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સમી સાંજે પાંચેક વાગ્યા પછી શહેર અને ગ્રામ્ય વિસ્તારના સુમસાન માર્ગો ઠંડીના ચમકારાની અસરને વર્ણાવતા હોય તેવું શહેરના ખાલીખમ માર્ગો ઉપર ભાસ થાય છે.

અરવલ્લી જિલ્લાનું વડામથક મોડાસા શહેર આરોગ્ય નગરી તરીકે ઓળખાય છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં ઠંડીની તિવ્રતાનો ચમકારો જોવા મળતા આરોગ્યલક્ષી સેવા લેવા આવતા દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ઠંડીનું પ્રમાણ વધુ હોવા છતાં બિમારીના લીધે ન છુટકે દવાઓ કરાવવા આવતા પ્રજાજનો ઠંડીની અસરથી બચવા ગરમ વસ્ત્રો તદ્ઉપરાંત ઘરેથી ગરમ ધાબળાથી રક્ષણ મેળવતા નજરે ચઢ્યા હતા.

## બજાર તેજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૦૫ કરતાં ૨૦૧૧માં વસતી ગણતરીમાં વધારો થયો છે તેવુ તારણ છે અને જે રીતે ગાંધીનગરનો વિકાસ થયો છે અને નવા ચાર કાઉન્સીલરના નિયમને ધ્યાને લેતાં એકથી બે વોર્ડમાં ઘટાડો થવાની શક્યતાઓની અટકળો પણ જોર શોરથી ચર્ચાઈ રહી છે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકાનિ ચૂંટણીને લઈ બન્ને મુખ્ય પક્ષોએ ખાનગી બેઠકોનો સિલસિલો શરૂ કરી દીધો છે પરંતુ કોઈ જ પક્ષ આ અંગે સત્તાવાર કશુ બોલવા તૈયાર નથી.

## બોર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ કોમર્શિયલ જાહેરાત દર્શાવતું તોતિંગ બોર્ડ ચિપકાવી દેવાયું છે. તંત્ર દ્વારા સેકટરોમાંથી દાયકાઓ જૂના કંગાળ બોર્ડસ દૂર કરવામાં આવ્યા નથી ત્યારે બિન્દાસ્તપણે નવા બોર્ડસ લગાવી દેવાતા માર્ગોની રોનક પણ ઓસરી જતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

## ગુણોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે સી અને ડી ગ્રેડમાં આવી હતી. આ શાળાઓના અપગ્રેડેશન માટે દત્તક પણ આપવામાં આવી છે. પ્રિ. ગુણોત્સવ દરમ્યાન અપગ્રેડેશનમાં શું ક્ષતિઓ રહી છે તે પણ ધ્યાને આવશે.

જિલ્લાતંત્રના અધિકારીઓ દાવો કરી રહ્યા છે કે જિલ્લાનો આ ગુણોત્સવમાં સારો દેખાવ હશે એટલુ જ નહિ પણ સી અને ડી ગ્રેડની શાળાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો પણ જોવા મળશે. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ઉપચારાત્મક વર્ગ ચલાવવામાં આવ્યા છે તેમજ શિક્ષકોની તાલિમ માટેના ખાસ કાર્યક્રમોનું આયોજન તંત્રએ કર્યું હતું.

જિલ્લામાં શિક્ષણના સાર્વત્રિકરણની સાથે સાથે ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સર્વગ્રાહી પગલાં ભરવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## વિકાસ કામો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આમ ડિસેમ્બરના અંત પછી એટલે જાન્યુઆરી માસમાં વિકાસના કામોની ગતિ આવશે તેમ પંચાયત સાથે સંકળાયેલા સૂત્રો માની રહ્યા છે.

જિલ્લામાં વિકાસની પ્રક્રિયા જે રીતે અટકી પડી છે તેને લઈ નવા પદાધિકારીઓને પણ તેને ગતિ આપવાની કામગીરીને અગ્રતા આપવી પડશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી સાંપડી રહ્યા છે.




## ભિલોડાના ભાથીજી મહારાજ મંદીરે સાતમો પાટોત્સવ અને સંતવાણી કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા માલાવાવમાં ક્ષત્રિય વીર રણબંકા રાઠોડ શ્રી ભાથીજી મહારાજ મંદીરમાં સાતમો વાર્ષિક પાટોત્સવ અને સંતવાણી ભજન સંધ્યાનો ધાર્મિક કાર્યક્રમ ભક્તિભાવ પુર્વક રંગે-ચંગે કાર્યક્રમ સંપન્ન થયો હતો. ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા.ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામના સંત શિરોમણી પરમ પુજ્ય સદ્‌ગુરૂ ધીરૂરામ મહારાજએ ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવ્યું હતું. શ્રી વીર ભાથીજી મહારાજ, જય મહાકાલી સેવા ટ્રસ્ટ, માલાવાવ, કારોબારી સભ્યો, ભિલોડા તેમજ સમસ્ત ગ્રામજનોએ ક્ષત્રિય વીર રણબંકા રાઠોડ શ્રી ભાથીજી મહારાજના સાતમા વાર્ષિક પાટોત્સવના ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માલાવાવ વિસ્તારના ઠાકોર સમાજના સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.



## અરવલ્લીમાં રેન્જ આઈજીની હાજરીમાં પોલીસ ઈન્સ્પેક્શન યોજાયું

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલી સરકારી એન્જીનિયર કોલેજના મેદાનમાં સોમવારના રોજ નવરચિત અરવલ્લી જિલ્લાની પ્રથમવાર ગાંધીનગર રેંજના પોલીસ મહાનિર્દેશક હસમુખ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓનું વાર્ષિક ઈન્સ્પેક્શન યોજાયું હતું. વાર્ષિક ઈન્સ્પેક્શનમાં જિલ્લા પોલીસ વડાએ સેરેમની પરેડનું આયોજન કરાયું હતું. જિલ્લા પોલીસતંત્ર દ્વારા ટોળાને અંકુશમાં રાખવાની કામગીરી, ચેકપોસ્ટ પર આતંકવાદીઓ સામેની કાર્યવાહિ સહિત ટીયરગેસના સેલ છોડવાની સાથે પોલીસતંત્રની અન્ય કાર્યવાહિનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટના ૨૦૦થી વધુ છાત્રોને પણ હાજર રાખી વિષમ પરિસ્થિતિમાં પોલીસતંત્ર દ્વારા કરાતી કાર્યવાહિનું ડેમો નિર્દેશ કરાયો હતો.

## ટ્રિનીટી સ્કૂલ તલોદનું ગૌરવ કુ. સુરભિ પ્રબેજા

તલોદ, તા. ૧૪

ગુજરાતના વડોદરા રાજકોટ અને અમદાવાદ પ્રદેશનો રાજ્યકક્ષાનો યુવક મહોત્સવ એન.આર.એ. વિદ્યાલય ભિલોડા અરવલ્લી જિલ્લામાં યોજાયેલ



હતો. જેમાં ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલ તલોદની વિદ્યાર્થિની કુમારી સુરભિ ડી. પ્રબેજાએ 'એક પાત્રિય અભિનય' સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. શાળા સંચાલક મંડળના સભ્યશ્રીઓ, આચાર્યશ્રી તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.